માળા-દ્વિતીય પુષ્પ.

દુર્દશા દર્શન,

સત્તા સૂર્ય વિલય થયો, વિદ્યા બની વિહીન;
લક્ષ્મીનો પણ લય થયો, હું હતભાગી દીન !
ઉન્નતિના શિખરે હતો, અવનતિ અપરંપાર;
દુઃખી ભારત ! દુર્દશા, આ ત્હારી ધિક્કાર ! !

રચ. અમૃત.



ધર્મ, કર્મ રસકસ લૂટાયાં, ઘરઘર વીખરી ઢોર;
છતી સંતતિ સત્વ લૂટાયું, ખેંચાયા ગુણ ચીર.
લૂટાતી ઓ માડી રે ! ખાલી ત્હારી ઝૂંપડી.
ખાલી તોયે મારી રે ! માડી ત્હારી ઝૂંપડી.

રચ. છગનલાલ.

શિશુ મણ્ડળ.
સરસ્વતી મન્દિર;
શિકેર. (બારડોલી.)

મૂલ્ય છ પાઈ.

સમર્પણ.

શ્રીયુત કહાનજીભાઈ વલ્લભભાઈ પટેલ.

શિહેર.

આપની જન સેવાની ઉત્કટ ભાવના, ગરીબો પ્રતિ દયા-
ભાવ, ઔદાર્ય, અમે-સર્વ શિશુઓ તરફથી પ્રેમાળ;
લાગણી, મણ્ડળના દરેક કાર્યોમાં સહાનુભૂતિ,
વગેરે આપના શુભ ગુણોથી આકર્ષાઇ,
આ અમારી પુષ્પમાળાનું દ્વિતીય પુષ્પ
મણ્ડળ આપનેજ સપ્રેમ
સમર્પણ કરે છે.

શિશુ મણ્ડળ.
શિહેર.

ભારતની દુર્દશા દર્શાવવામાં જે જે પુસ્તકો-
ની સહાય લેવી પડી છે, તેમના કર્તાઓનો શિશુ
મણ્ડળ ખરા અંતઃકરણથી આભાર પ્રદર્શિત
કરે છે. તા ૩: જુલાઈ: ૧૯૧૬.

वन्दे मातरम्

ભારત દુર્દશા દર્શન.

ગુજરાતી ભાષા જાણનાર કોઈપણ સામાન્ય ગુજરાતી પણ હિન્દની હાલની સ્થિતિથી વાકેફ થાય એવા આશયથી ભારતની દુર્દશાનું અમે અમારી જાણ પ્રમાણે ટુંકું દર્શન કરાવવા માગિયે છિયે.

વ્યાપાર ઉદ્યોગ.

ભારતમાં વપરાતા વિદેશી માલનો અચ્છો ચિતાર: ભારતના એક ગૃહસ્થનું ગૃહ: "ભારતના એક ગૃહસ્થના દિવાનખાનામાં દીવો બળે છે તે જર્મનીમાં બનાવેલો છે, તેની ચીમની આસ્ટ્રિયામાં બનાવેલી છે; તેમાં તેલ છે તે રૂશિયામાંથી નીકળેલું છે; અને જે દિવાસળી વડે દીવો સળગાવ્યો છે તે સ્વીડન કે જાપાનમાં બનાવેલી છે. અભરાઈ ઉપર ઘડિયાળ ટીક ટીક કરે છે તે અમેરિકામાં બનાવેલું છે, અને ખિસ્સામાં ન્હાનું ઘડિયાળ ટીક ટીક કરે છે તે જીનીવામાં બનાવેલુ છે. ખડિયામાં સાહી છે તે લંડનમાં બનેલીછે; ખડિયો અમેરિકામાં બનેલોછે; હોલ્ડર બાવેરિઆમાં બનેલું છે અને હોલ્ડરની ચાંચ બર્મિંગહામમાં બનેલી છે. ગજવામાં સીસાપેનછે તે બાવેરિયામાં બનેલીછે અને પગમાં

ડાનાં મોજાં છે તે જર્મનીમાં બનેલાં છે. તેની સ્ત્રીએ જે ાતરથી હમણાંજ ચણિયો વેતર્યો તે જો જર્મનીમાં નહીં બનેલી હોય તો શેફિલ્ડમાં બનેલી છે. ચણિયાનું સુતરાઉ કાપડ માંચેસ્ટરમાં બનેલું છે. તેમજ જે દોરાથી તે સીવે છે તે પણ ત્યાંજ બનેલો છે અને જે સોયથી તે સીવે છે તે બર્મિંગહામમાં બનેલી છે. તે સ્ત્રીએ જે ચોળી પહેરી છે તેનું રેશમી કાપડ ફ્રાંસમાં બનેલું છે. ધણી કટકે કટકે બિસ્કીટ ખાય છે તે રીડીંગમાં બનેલી છે, અને જે રકાબીમાંથી એ લીધી તે સ્ટાફોર્ડ પરગણામાં બનેલી છે તેની પાસે જે સોડાવોટરની શીશી પડી છે તે આસ્ટ્રીયામાં બનેલી છે. કિવાલો ઉપર જે તેલ લગાડેલું છે તે જર્મનીમાં બનેલું છે અને ચોકઠાંમાં જે સ્ક્રૂ ચડાવેલાં છે તે બર્મિંગહામમા બનેલાં છે. આ યાદી કાંઇ પરીપૂર્ણ નથી. પણ હિન્દની પરાધિનપણાની યાદ દેવડાવવાને જોઇએ તેટલી લાંબી છે."

હિન્દમાં પરદેશી માલ કેટલો આવેછે તેની સંપૂર્ણ યાદી આપવી તદ્દન અશકયછે. પરન્તુ મુખ્ય મુખ્ય ચીજોને તરફ ધ્યાન આપતાં જણાશે કેઃ—કપડું અને સુતર ઇ. સ. ૧૮૮૦માં સુમારે ૧૯ા કરોડ રૂપિયાનું હિન્દમા આવતું હતું. તે આજે* ૩૦ કરોડ રૂપિઆનું આવે છે. સાકર વીસ વરસ પહેલાં એક કરોડની આવતી હતી, આજે* ૩ કરોડની આવે છે તેલ આશરે ૬ લાખનું આવતું હતું તે આજે* ૨૪ લાખનું

* આજે એટલે ઇસ્વીસન ૧૯૦૭ પછી.

આવે છે. ચીનાઈ માટીનાં વાસણ, કાચ, લોઢાનો સામાન, ઘડિયાળ, રેશમ વગેરે હુન્નરો ચીજની આયાત આજ પ્રમાણે વધી છે. અફસોસની વાત છે કે હિન્દના બાળ વિદ્યાર્થીને વાપરવાની એક પૈસાની નોટ ઉપર પણ "Made in Austria આસ્ટ્રિઆમાં બનેલી" એમ લખેલું હોય છે. ભારતના વેપાર ઉદ્યોગની આ શું ઓછી અધમ દશા છે? એક જંગલી પ્રજાની માફક, એક ન્હાની ટાંકણી માટે પણ હિન્દને બીજા દેશો તરફ વીલે મ્હોઢે જોવું પડે છે આ શું ઓછું દયા જનક છે? હિન્દના પ્રાચીન વેપાર ઉદ્યોગ તરફ દૃષ્ટિ ફેંકતાં આજની હિન્દની સ્થિતિ માટે કોની આંખમાંથી આંસુ નથી વ્હેતાં? હિન્દનાં દુર્ભાગ્યે કે હિન્દના અધિષ્ઠાતાઓની ઇચ્છાએ હિન્દના વ્હેપાર ઉદ્યોગની આસ્થિતિ થઈ છે. શું એક પાઈની દિવાસળી માટે પણ હિન્દને બીજા દેશ તરફજ નજર નાંખવી પડશે?

"શણનો હુન્નર બંગાલામાંછે પણ તે મ્હોટે ભાગે ઇંગ્રેજોના હાથમાં છે. સોનાની ખાણ જે મૈસુરમાંછે તે મ્હોટે ભાગે બ્રીટીશ નાણાંથી ખોદવામાં આવે છે. લોઢું અને કોલસાનો ઉદ્યોગ કેટલેક અંશે આપણા હાથમાં છે-પણ આ સૌ ઉદ્યોગો હિન્દની વસ્તીના પ્રમાણમાં કિંચિત્માત્ર છે."

કૃષિ.

આપણે જોયું કે હિન્દને દુર્ભાગ્યે એક નજીવી ચીજ માટે પણ પરદેશ પર આધાર રાખવો પડે છે. વ્યાપાર

ઉદ્યોગમાં હિન્દ છેક પછાત છે. પરિણામે દેશના મોટા ભાગને ખેતી ઉપરજ આધાર રાખવો પડે છે. હિન્દની ૯૦ ટકા વસ્તી ખેતીવાડી ઉપરજ પોતાનો નિર્વાહ ચલાવે છે.

"હિન્દ એક રમ્ય પ્રદેશ છે. હિન્દ એકના મનથી અનાજની ભૂમિ છે, બીજાના મનથી તે ચોખાની ભૂમિ છે, કોઇના મનથી તે મીઠાની ભૂમિ છે, વળી કોઇ બીજાના મનથી તે કોયલાની જમીન છે; કોઇક જાણે છે કે તે કાલાંનો દેશ છે; કોઇક જાણે છે કે તે ઉનવાળા ઘેટાંનોજ પ્રદેશ છે. હિન્દ કાચા સુવર્ણની ભૂમિ છે. હિન્દને કુદરતે ચિત્ર વિચિત્ર બનાવ્યું છે." અર્થાત્ હિન્દમાં દરેકે દરેક હિન્દીઓને ઉપયોગી ચીજ—અનાજ—મળી શકે છે. તો પણ આશ્ચર્યની વાત છે કે હિન્દનો મ્હોટો ભાગ જગતને અનાજ પુરૂં પાડનાર કૃષિક વર્ગ ભૂખે મરે છે.

હિન્દનો મુખ્ય આધાર કૃષિ ઉપરજ છે.

"Agriculture is now virtually the only remaining souce of national wealth in India". R. C. Dutt.

પણ એ કૃષિ ઉપર આ છેલ્લાં થોડાંક વર્ષોમાં કુદરતી અને રાજ્યની કેટલી આફતો આવી પડી છે? હિન્દના ખેડુતોનું લોહી કેટલું ચુસાયું છે? તે નીચેના દુકાળના આંકડાઓ જોતાં સહજ માલમ પડશે, અને સહૃદયીની આંખો સુજળ થશે.

સદી.	દુકાળ સંખ્યા.	કેટલા વિભાગમાં?
૧૧ મી	૨	એકજ પ્રાન્તમાં
૧૩ મી	૧	માત્ર દિલ્હીની આસપાસ
૧૪ મી	૩	એકજ પ્રાન્તમાં
૧૫ મી	૨	,,
૧૬ મી	૩	,,
૧૭ મી	૩	આખા દેશમાં
૧૮ મી	૪	વાયવ્ય પ્રદેશમાં
૧૮૦૦ થી ૧૮૨૫	૫	લગભગ બધે ૧૦ લાખ મરણ
૧૮૨૫ થી ૧૮૫૦	૨	,, ૫ ,, ,,
૧૮૫૦ થી ૧૮૭૫	૬	,, ૫૦ ,, ,,
૧૮૭૫ થી ૧૯૦૦	૧૮	,, ૨ કરોડ ૬૦ ,, ,,

આ દુકાળમાંથી આપણા ખેડુતોને મુક્ત કરવાને નહેરો કુવાઓ વગેરેથી હિન્દમાં કેટલા ઉપાયો યોજાય છે? ૧૮૫૭ માં ૩૦૦ માઇલમાં રેલ્વે હતી અને ૧૯૦૯ માં ૩૦૯૮૩ માઇલમાં રેલ્વે હિન્દમાં થઈ છે. શું હજી પણ સરકાર રેલ્વે પાછળજ પૈસો બરબાદ કર્યા કરશે? શું નહેરો, કુવાઓ અને હિન્દના ખેડુતોનાં હિતનાં કાર્યો માટે સરકાર પોતાનો પૈસો નહીંજ ખર્ચે? જેટલો પૈસો રેલ્વે પાછળ ખર્ચાયો છે તેનો ત્રીજો ભાગ પણ નહેરો પાછળ ખર્ચાયો નથી આ ખુલ્લુંજ છે. મી. સુધોલકર સરકારનું ધ્યાન ખેંચે છે કે તેમાંનું હવે આવી રેલ્વેઓ બાંધવામાં ખર્ચ ઓછું કરી નહેરકાર્ય

મમાં વધારે પૈસા ખર્ચવા જોઇએ. વળી ટેકામાં મી. સુલી-કર જણાવે છે કે છેલ્લાં વર્ષોમાં સરકારે ૪૬ કરોડ રૂપિયાનાં નહેર કામ કર્યાં છે. અને ૩૪૬ કરોડ રૂપિયા ખર્ચી રેલ્વેઓ બંધાવી છે, મહેસુલ તપાસો:

"મુમ્બઇ ઇલાકો જ્યારે ૧૮૧૭ની સાલમાં ઇંગ્રેજોના હાથમાં આવ્યો ત્યારે ત્યાંના ખેડુતો પાસેથી ૮૦ લાખ મહેસુલ ઉઘરાવવામાં આવ્યું હતું. ૧૮૨૩માં મહેસુલ વધીને દોઢ કરોડ થયું અને ૧૮૭૫માં છેક વધીને ૪કરોડને ૮૦લાખ થયું. એટલે ૫૮ વરસમાં મહેસુલ ચાર કરોડ રૂપિયા વધી ગયું છે.!!" ફ્રેર હારડી કૃત 'ઈન્ડીયા' નામની ચોપડી.

બિચારા હિન્દના કમનસીબ ખેડુતો મહેસુલમાંજ કચરાઇ જાય છે. મદ્રાસ ઇલાકામાં ઇ. સ. ૧૮૭૯-૮૦થી ૧૮૮૯-૯૦ સુધી ૧૦ વર્ષ દર મિયાન મહેસુલ વસુલ કરવા મદ્રાસના રાજ અમલદારોએ ૮૪૦૭૧૩ માણસોની ૧૯, ૬૩, ૩૬૪ વીઘાં જમીન લીલાંઉથી વેચી નાંખી હતી. આટલું થવા છતાં તેમનો છુટકારો ન થયો. સરકારી મહેસુલ પુરું પાડવા ખાતર તેઓને પોતાના ઘર દ્વાર કપડાં વગેરે વેચીને રૂ. ૨૯૦૬૫-૦૮૧ સરકારને આપવા પડયા

મધ્ય પ્રાન્તના રાય સાહેબ જણાવે છે કે, "દેશ દિવસે દિવસે ગરીબ થતો જાય છે, તે સાથે દુકાળો ઉપરા-ઉપરી પડતા રહ્યા છે. મધ્ય પ્રાન્તના ખેડુતોને ઘણી હાડ-મારી પડે છે, અને મહેસુલ ભરવામાં તેનું ઉત્પન્ન ખપી જતું હોવાથી નાણાંની પુરી તંગીથી તેઓ પોતાની કન્યાને મ્હોટી થવાં છતાં પરણાવી શકતા નથી." કાઠિયાવાડના પાટીદાર સમાજના સેક્રેટરી લખે છે— "મુકરર કરેલી વધતી

જતી મહેસુલનો આંકડો ગમે તેમ કરી પુરો કરવા ખેડુતો પાસે વેચાણનું બીજું સાધન નહીં હોવાથી ગરીબ ખેડુત પોતાની કન્યાને ચરોતર કે કાનમમાં વેચી મહેસુલ પુરી કરે છે." આ શું ઓછી દયાજનક સ્થિતિ છે? આ શું હિન્દના ખેડુતોનું ઓછું કમ ભાગ્ય છે? સો રૂપિયાની આમદાની ઉપર લેવામાં આવતું મહેસુલ પશ્ચિમના દેશો સાથે સરખાવો.

ઇંગ્લાંડ	૮॥	રૂપિયા.	જર્મની	૩	રૂપિયા
ઇટલી	૭	,,	બેલ્જીયમ	૨॥	,,
ફ્રાંસ	૪॥	,,	હોલાંડ	૨॥	,,
આસ્ટ્રિયા	૩॥	,,	ભારતવર્ષ	૧૫ થી ૨૨	રૂ.

"Comparing relative taxation and income, we find that England paid $8\frac{1}{2}$ P. C. of her annual income as taxation; India nearly 22 P. C. and it must be remembered that England pays out of wealth, India out of poverty. In England taxes are spent in the Country in India half goes out." Annie Besant.

પશ્ચિમની ખેતી જોડે આપણે શું સરખાવિયે? આપણી ઉત્તમ ખેતી પાયમાલ થઇ ગઇ છે. આપણો ખેડુત રાંક, ઓશિયાળો, નિર્ધન, ભુખમરાની હાલતમાં પરાણે પોતાનું આયુષ્ય પુરૂં કરે છે. અમે શાનું અભિમાન કરિયે? અમારા ખેડુતની બે બે વિંઘા જમીન, બે ચાર ઢોર, ભાંગેલો તૂટેલો કોસ, અને 'તુટી સરખી ઝુંપડી' એ પણ દેવામાં પારકી થઇ પડી છે. એમના જુનાં ગાડાં, નિર્માલ્ય ખાતર, કોચરાની

સાલના હળપૂણી ક્યાં અને ક્યાં એમની એન્જીનોની ખેતી! જ્યાં અનાજના ઢગલે ઢગલા પાક થતા તે ખળાં આજે ખાલી ખમ રહે છે! શુભમણી આયરે યોગ્યજ કહ્યું છે કે આવા ખેડુતો પાસેથી કર લઈ શકાય?

આટલું છતાં પણ દર નવી માપણી વખ્તે મહેસુલ વધ્યાજ કરે છે! અને ખેતીની ઉપજ પણ ઘટતીજ જાય છે! કુદરતી આફત–દુકાળ પણ પડયોજ જાયછે! આવી સ્થિતિમાં ખેડુતોએ શું કરવું? હિન્દના ખેડુતોના શિર ઉપરનો આ મહેસુલનો વધુ પડતો બોજો ક્યારે ઓછો થશે?

ખેડુતોની ગરીબાઈ ઓછી કરવા માટે નીચે વર્ણવેલા ઉપાયો લેવાની મી. મુધોલકર ભલામણ કરે છેઃ—

૧ ખરી રીતે વ્યવહારિક કેળવણી મફત આપવી.

૨ વ્યાજના યોગ્ય દરે ખેડુતો નાણાં મેળવી શકે તેને માટે દરેક સ્થળે ખેતીવાડીની બેંકો સ્થાપવી.

૩ જમીનના કબજામાં વધારે સ્થિરતા કરી આપવી અને અમુક વર્ષો માટે મહેસુલ નહીં વધે એવી ખાત્રી સરકારે આપવી જોઇએ.

૪ જમીનનું મહેસુલ ઉઘરાવવાના રીવાજો થોડા ઢીલા કરી દુકાળના વખતમાં થોડી મહેસુલ લેવા અથવા મહેસુલ છોડી દેવાની સરકારે મહેરબાની કરવી જોઇએ.

હિન્દની ગરીબાઇ.

હિન્દ એક વખ્તે પૈસાદાર દેશ હતો, આજે ગરીબ છે. હિન્દમાં એક વખ્તે પશુ પક્ષી પણ ધરાયાં ધરાયાં

ફરતાં હતાં. આજે હિન્દના પુત્રોને ખાવા રાબડી-રોટલાનો ટૂકડો પણ નથી મળતો. હિન્દ **એક વખતે** સુવર્ણભૂમિ હતી, આજે રુધિરની ભૂમિ છે. હિન્દમાં **એક વખતે** વેપાર ઉદ્યોગ પૂર જોસમાં હતો આજે તેનું નામ નિશાને નથી, અને હિન્દ દિવસે દિવસે ગરીબ બનતો જાય છે. **ભારત વર્ષની વાર્ષિક આવક બીજા દેશો સાથે સરખાવોઃ**

ઇંગ્લાંડ રૂ. ૬૩૦	નોર્વે ૩૦૦
જર્મની ૩૭૨	ઈટલી ૨૪૦
ફ્રાંસ ૪૦૦	સ્પેન ૨૪૦
બેલજીયમ ૪૨૦	હોલાંડ ૩૩૦
અમેરિકાના સંયુક્ત રાજ્યો ૫૮૫	**ભારતવર્ષ ફક્ત રૂ. ૧૫**
આસ્ટ્રેલિયા ૬૦૫	

દરરોજની સરેરાસ પેદાશ તપાસો.

૧૮૫૦માં ૨ આના! ૧૮૮૦માં ૧॥ આનો!! ૧૯૦૦માં ૩ પૈસા !!!

દરીદ્ર હિન્દના લોકોએ ત્રણ પૈસામાં શું ખાવું? શું પહેરવું? અને શું ઓઢવું? હિન્દને કદાચ કોઇ, થોડા ઘણા મોટરોમાં બેસી મ્હાલતા, લાડી વાડીને ગાડીમાં આનન્દતા, હોટલોમાં જઈ ન્હા બિસ્કીટ ઉડાવતા, કડકડ બોલતા ઉત્તમ સફેદ કપડાં પહેરી ફરતા, મિષ્ટાન ઉડાવનારા, થિયેટરોમાં યા ગુણિકાઓના નૃત્યમાં પૈસા ઉડાવનારા, ગણ્યા ગાંઠ્યા શ્રીમંતોને જોઇ, હિન્દનેજ શ્રીમન્ત દેશ ધારશે. **પણ જ્યારે એના ભીતરમાં ઉંડા ઉતરીને ઝુંપડે ઝુંપડે ફરીને આપણે જોઇશું ત્યારેજ માલમ પડશે કે હિ-**

ન્દનાં કેટલાં બાળકો ભૂખે સુએ છે? કેટલાં દિવસમાં એક-જ વાર અન્ન લે છે? અને કેટલાં ભુખથી પ્રભુને શરણે જાય છે.

"૫૦,૨૦૦,૦૦૦ પાંચ કરોડ જેટલા હિન્દીને સારા વરસમાં પુરતું ખાવાનું મળતું નથી. ચાર પંચમાંસ ભાગ સારા વર્ષોનાં મહા મહેનતે ગુજરાન ચલાવે છે."

બંગાળાના ભૂત પૂર્વના લેફ્ટેનન્ટ ગવર્નર સર ચાર્લ્સ ઇલીયટે ઉત્તર-પશ્ચિમમાં સેટલમેંટ ઓફિસરનું કામ કરતી વખતે આ દેશવાસીઓની અવસ્થા જોઇ કહ્યું છે કે—

"બ્રીટીશ ભારતની ખેતી ઉપર જીવનારાં પ્રજાનો અર્ધોભાગ આખા વરસમાં એક દિવસ પણ પેટપૂર અનાજ ખાઇ શકતો નથી, ક્ષુધાની સમ્પૂર્ણ નિવૃત્તિ નહીં મળવાથી સુખ એ વસ્તુ શું છે તે તેઓ કદી પણ જાણી શકતા નથી."

"તુરંગ માં કેદીઓ માટે દરસાલ દરમાણુસને રૂપિયા વીસ ખરચ આવે છે (હિન્દની સરેરાસ વાર્ષિક આવક રૂપિયા પંદર છે) આ પ્રમાણે લઇશું તો હિન્દમાંના ગરીબ બિચારા ખેડુતો તુરંગમાં પૂરાયલા કેદીઓ જેટલું પણ અન્ન મેળવી શકતા નથી એ ખુલ્લે ખુલ્લું સિદ્ધ છે. એવી સ્થિતિમાં લોકોએ ખાવું શું? ઉમંગ કેવીરીતે રાખવો કપડાં શાં પહેરવાં? બીજા દેશો સાથે હરિફાઇ શું કરવી!"

"બ્રીટીશ ભારતખંડમાં લગભગ દશ કરોડ લોકો ઘોર દરિદ્રતામાં રહીને વખત ગુજારે છે. ઓગણીસમાં શતાબ્દિમાં છેલ્લા ભાગની દુર્ભિક્ષ કહાણી અધિક શોક જનક છે, તેનું કારણ એ છે કે-આદેશમાં પચ્ચીશ વરસમાં અઢાર વખત દુકાળ સળગી ઉઠયો હતો, એ મહાન અગ્નિમાં લગભગ બે કરોડ સાઠ લાખ માણસોનાં અમૂલ્ય શરીર બળીને ખાખ થઈ ગયાં છે."! પાયોનિયર. મે. ૧૮૯૩. અલાહાબાદ.

માનનીય ડિગ્બી સાહેબે લખ્યું છે કે—

"સને ૧૭૯૩થી ૧૯૦૦ના ૧૦૭ વરસમાં દુનિયામાં જે જે લડાઈઓ થઈ છે તેમાં બધાં મળી પચાશ લાખથી વધારે માણસો મરી નથી ગયાં, પણ તેટલાજ સમયમાં એકલા ભારત વર્ષમાં ત્રણ કરોડ પચાશ લાખ માણસોએ અન્ન પાણી વિના પ્રાણ ત્યાગ કર્યા છે."

વાંચનાર, ભલે તું વિદ્વાન હો કે અભણ હો; દેશી હો કે વિદેશી હો; સ્ત્રી હો કે પુરૂષ હો; બાળક હો કે યુવાન હો; કવિ હો કે કપિ હો; સાક્ષર હો કે રાક્ષસ હો; શેઠ હો કે શઠ હો; શ્રીમંત હો કે રંક હો; દયાળુ હો કે ક્રૂર હો; આસ્તિક હો કે નાસ્તિક હો; હિંદુ હો કે મુસલમાન હો; ક્રિશ્ચિયન હો કે પારસી હો; પણ જો તારામાં હૃદય હશે તો હું ખાત્રીથી કહી શકીશ કે હિંદની ગરીબાઇ જોતાં તારી આંખમાંથી—હૃદયમાંથી ચોધાર આંસુ વહેશે. તારૂં હૃદય સ્વાભાવિક રીતેજ "પ્રભુ ! પ્રભુ ! દયા ! દયા !" ના શબ્દો પોકારી ઉઠશે. અસ્તુ.

અફસોસની વાત છે કે હિંદની ગરીબાઇ દિવસે દિવસે વધતીજ જાય છે. "વળી દરવરસે કંઈ પણ બદલા સિવાય હિન્દમાંથી નાણાંની જે મોટી રકમ ઈંગ્લાંડ મોકલવામાં આવે છે તેથી દેશ વધારે ગરીબ બને છે. હોમચાર્જ—ઈંગ્લાંડમાં હિંદી રાજતંત્રના ખર્ચ ખાતે લગભગ ત્રીશ કરોડથી વધારે રૂપિયા ઈંગ્લાંડ મોકલવામાં આવે છે."

રેલ્વે પાછળ પણ પૈસા વધારેને વધારે વપરાતો માલમ પડે છે. સેનાનો ખર્ચ પણ ભારતીય પ્રજા ઉપર વધતોજ જાય છે. તે નીચેના આંકડા ઉપરથી જણાશે.

	કરોડ	લાખ રૂપીઆ
૧૮૮૪– ૮૫માં	૧૩	૯૬
૧૮૮૭– ૮૮માં	૨૦	૪૧
૧૮૯૦– ૯૧માં	૨૦	૬૯
૧૮૯૪– ૯૫માં	૨૪	૯
૧૯૦૨– ૦૩માં	૨૮	૨૩
૧૯૦૩– ૦૪માં	૨૯	૩૬
૧૯૦૪– ૦૫માં	૩૩	૩
૧૯૦૫– ૦૬માં	૩૩	૨૫

હજી પણ આ પ્રમાણે સેનાનો ખર્ચ વધતોજ જાય છે. આવી સ્થિતિમાં હિંદ દિવસે ને દિવસે વધારે ને વધારે ગરીબ બનતો જાય એ સ્વાભાવિકજ છે, રેલ્વેને સેનામાં ઘણો પૈસો વપરાયો છે. રેલ્વે અને સેનાથી હિંદુસ્તાન ઘસાઇ ગયું છે.

ઉંચીનોકરી.

પૈસાના લોભથી અને વળી કંઇક હિંદવાસીઓ ઉપરના અવિશ્વાસથી હિંદવાસીઓને ઉંચી નોકરીનાં દ્વારબંધ થયાં છે. પ્રોફેસર ગોખલેએ બજેટના વખતે આપેલા આંકડાઓ ઉપરથી એ સહજ સમજી શકાશે. "સર-

ટ્રારી સરવૈ ખાતામાં માસિક રૂપીઆ ૩૦૦ થી ૨૨૦૦ સુધીની ૧૩૨ જગ્યા છે. તેમાં ફક્ત બેજ હિંદીઓ છે, અને તેઓ પણ છેલ્લા ૩૦૦ના ગ્રેડમાં છે. વળી એજ ખાતામાં રૂપીઆ ૧૬૦થી ૩૦૦ની ૪૫જગ્યા છે તેમાં ફક્ત ૧૦ હિંદીઓ છે. સરકારી તાર ઓફિસમાં માસીક ૫૦૦ અને તેથી વધુની જગ્યા છે તેમાં ફક્ત એકજ હિંદી છે. ઇંડો બ્રીટીશ ટેલીગ્રાફ બ્રાંચમાં માસિક ૫૦૦ થી વધુની ૪૩ જગ્યા છે તેમાં એક પણ હિંદી નથી. ૧૯૦૨ માં પોસ્ટખાતામાં ૫૦૦ થી વધુ પગારના છ અમલદારોમાં ફક્ત એકજ હિન્દી હતો. જીઓલોજીકલ સરવૈ ખાતામાં માસિક ૫૦૦ ની ૧૪ જગ્યા છે તેમાં ફક્ત બેજ હિન્દી હતા. ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટમાં એવી ૧૨૨ જગ્યા છે તેમાં ફકત ૩ હિન્દી છે ફાઇનાનશિયલ ખાતામાં ૫૯૦ ની ૨૧ જગ્યા છે તેમાં ફકત એકજ હિન્દી છે. સોલ્ટ ખાતામાં માસિક ૪૦૦ ઉપરની ૧૩ જગ્યા છે તેમાં એકે હિન્દી નથી. મુમ્બઇના કસ્ટમ ખાતામાં ૩૦૦ થી વધુની ૧૩ જગ્યા છે તેમાં ૩ જ હિન્દી છે. મેડિકલ ખાતામાં ઇંગ્રેજો સિવાય કોઇજ નથી. પોલિસખાતામાં સુપ્રિન્ટેન્ડેન્ટ અને મદદગારો મળી માસિક ૨૦૦થી વધુની ૪૯ જગ્યા છે તેમાં એક પણ હિન્દી નથી. કેળવણી ખાતામાં ૫૦૦ થી વધુની ૨૫

જગ્યા છે તેમાં ૫ જ હિન્દીઓ છે આવીજ દશા બંગાલી વગેરે બીજા ઇલાકાઓમાં છે."

અમેરિકન ડોકટર જેબેઝ સન્ડર લેન્ડે ગણત્રી કરી કહ્યું છે કે:- "૮૦૦૦ અંગ્રેજી અમલદારોને વાર્ષિક એકંદર પૌંડ ૧,૩૯,૩૦,૫૪૪ એટલે રૂ. ૨૦,૮૯,૫૮,૧૩૦ સાલિયાણું મળે છે. એટલે સરાસરી એક અંગ્રેજને લગભગ રૂા ૨૬,૧૨૦ સાલિયાણું મળે છે. જ્યારે ૧,૩૦,૦૦૦ દેશી સરકારી નોકરોને વાર્ષિક ૩૨,૮૪,૧૬૩ પૌંડ એટલે ૪,૯૨,૬૨,૪૪૫ રૂપિયા સાલિયાણું મળે છે. એટલે સરાસરી એક હિન્દીને વાર્ષિક લગભગ ૩૭૯ રૂપિયા સાલિયાણું મળે છે. આ મુજબ આપણા દેશમાંથી કેટલો બધો પૈસો ફકત નોકરોમાંજ ઘસડાઈ જાય છે." "જ્યાં સુધી ઉડાઉ ખર્ચ માટે ઇંગ્લાંડના નાણા ઉછીના લેવામાં આવશે અને ઇંગ્લાંડમાંજ સીવીલ સર્વીસની પરીક્ષા લેવામાં આવશે ત્યાં સુધી કરોડો રૂપિયા દર વર્ષે હિન્દમાંથી જશે."

શારીરિક દુર્દશા.

હિન્દનાં બાળકોનું શારીરિક બળ તદ્દન નષ્ટ થયું છે. તેઓ હવે તેઓના પ્રાચીન હીરા ભીમ અને અર્જુનની વાતો કરી તેમાંજ સંતોષ માને છે. તેઓમાં ઝેરી જાનવરો, જંગલી પ્રાણીઓ, અને ચોર લુંટારાની સ્હામે થવાની શક્તિ